ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### ડાકોર સ્ટેશનની ડિઝાઇનમાં ભીંતચિત્રો અને શિલ્પો સહિત સ્થાનિક કલા અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી પ્રતિકૃતિઓ મુકાશે

# ડાકોર રેલવે સ્ટેશનને ₹ 6 કરોડના ખર્ચે વિકસાવાશે

**ટ્રેનો અને મુસાફરોને** કાર્યક્ષમ રીતે હેન્ડલ કરવા માટે પ્લેટફોર્મનું અપગ્રેડેશન સાથે સુલભતા સુધારવા માટે એસ્કેલેટરની જોગવાઈ પણ કરવામાં આવી

(પ્રતિનિધિ) ડાકોર, તા.27

પશ્ચિમ રેલ્વેએ ખેડા જિલ્લાના પ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરના રેલ્વે સ્ટેશન સહિત કુલ 124 રેલ્વે સ્ટેશનોને પુનઃવિકાસ કરવાની મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. જેનો ઉદ્દેશ્ય મુસાફરોને અત્યાધુનિક સુવિધાઓ અને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ પુનઃવિકાસ પ્રોજેક્ટમાં મુંબઈ સેન્ટ્રલ મંડળ ના 30 સ્ટેશન, વડોદરા મંડળના 18, રતલામના 19, અમદાવાદ અને ભાવનગર મંડળના 20-20 સ્ટેશન અને રાજકોટ મંડળના 17 સ્ટેશનનો સમાવેશ થાય છે. સ્ટેશનોને આધુનિક સુવિધાઓ અને વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અપગ્રેડ કરવામાં આવશે, જેથી મુસાફરો માટે મુસાફરીના અનુભવમાં સુધારો થશે અને રેલવે કામગીરી વધુ કાર્યક્ષમ બનશે.

દેશભરમાં રેલવે સ્ટેશનોનુ આધુનિકીકરણ કરવાની દિશામાં વડોદરા મંડળમાં પણ આવેલા ડાકોર, પ્રતાપનગર અને ગોધરા સ્ટેશનના અપગ્રેડેશનની કામગીરી ઝડપથી આગળ વધી



રહી છે. આ પહેલનો ઉદ્દેશ્ય મુસાફરોની સુવિધાઓમાં સુધારો, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપતી વખતે પર્યાવરણીય સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે. ડાકોર સ્ટેશનને અંદાજે રૂ. 6 કરોડના ખર્ચે અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અપગ્રેડેશન કાર્યમાં મુસાફરોની સુવિધાઓ સુધારવા માટે આધુનિક વેઈટિંગ રૂમ અને રેસ્ટરૂમ, સુધારેલ શૌચાલય અને પીવાના પાણીના કિઓસ્કનો સમાવેશ થાય છે. તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો પણ સમાવેશ થાય છે, જેમ કે કવર્ડ શેડનું બાંધકામ, વધારાના ફૂટ ઓવર બ્રિજ (એફઓબી), વધુ ટ્રેનો અને મુસાફરોને કાર્યક્ષમ રીતે હેન્ડલ કરવા માટે પ્લેટફોર્મનું અપગ્રેડેશન. સુલભતા સુધારવા માટે એસ્કેલેટરની જોગવાઈ પણ કરવામાં આવી રહી છે. પીક અવર્સ દરમિયાન ભીડનું સંચાલન કરવા માટે વધારાના પ્રવેશ/બહાર નીકળવાના સ્થળોની સ્થાપના કરવામાં આવી હતી. સ્ટેશનની ડિઝાઈનમાં ભીંતચિત્રો અને શિલ્પો સહિત સ્થાનિક કલા અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતા તત્વોનો સમાવેશ થશે. સ્ટેશન પરિસરને બગીચાઓ અને પર્યાવરણને અનુકૂળ જગ્યાઓથી સુશોભિત કરવામાં આવી રહ્યું છે. ગ્રીન પહેલના ભાગરૂપે સોલાર પેનલ, વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ વગેરે સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. વધુમાં, સલામતી અને સુરક્ષા વધારવા માટે, વધુ સારી સીસીટીવી દેખરેખ પણ તૈનાત કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યાત્રાધામ ડાકોરમાં ભગવાન રણછોડજીના દર્શન માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવે છે. જેમની સગવડતા માટે રેલવે વિભાગે આયોજન કર્યું છે.

#### સ્ટેશનના આધુનિકીકરણ થકી પેસેન્જર માટે ફ્રેન્ડલી વાતાવરણ બનશે

ડાકોર એક તીર્થ સ્થળ હોવાના કારણે નવું બની રહેલ રેલ્વે સ્ટેશન ખાતે બહેતર સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ મુલાકાતીઓના અનુભવમાં સુધારો કરશે અને વધુ પ્રવાસનને પ્રોત્સાહિત કરશે. બહેતર કનેક્ટિવિટી સ્થાનિક વ્યવસાયોને વેગ આપશે અને રોજગારીની તકો ઊભી કરશે. ડાકોર સ્ટેશનના આધુનિકીકરણના પ્રયાસો પ્રસિદ્ધ રણછોડરાય મંદિરની મુલાકાત લેતા પ્રવાસીઓ, પ્રવાસીઓ અને યાત્રાળુઓ માટે પેસેન્જર-ફ્રેન્ડલી વાતાવરણ બનાવવામાં મદદ કરશે.

---

### આણંદમાં ભાડુઆત તપાસ ઝુંબેશમાં નોટરી અને ઓનલાઇન કામગીરી માટે દોડધામ

# ભાડુઆતો કરારના નામે લૂંટાઇ રહ્યાં છે!

**પોલીસની તપાસ** ઝૂંબેશ પગલે સમગ્ર જીલ્લામાં ભાડુઆત નોંધણીનો ધમધમાટ છવાયો

(પ્રતિનિધિ) આણંદ તા.27

રાજ્યમાં શરૂ કરાયેલી વિશેષ ઝુંબેશ હેઠળ આણંદ જિલ્લામાં પણ ભાડુઆત નોંધણી છે કેમ ? તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. આણંદ જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી વધુ સમયથી દરેક પોલીસ મથકમાં હદ હેઠળ આવતા વિસ્તારોમાં સ્થળ તપાસ કરવામાં આવી રહી છે. આ પોલીસની તપાસ ઝૂંબેશ પગલે સમગ્ર જીલ્લામાં ભાડુઆત નોંધણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

આણંદ જીલ્લામાં ભાડુઆત નોંધણી માટે જરૂરી કાર્યવાહી માટે ભાડુઆતો અને મિલકત માલિકો દોડતા થઈ ગયા છે.

આણંદ જિલ્લાના શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં અન્ય રાજ્યોમાંથી કે રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી કે સ્થાનિક વિસ્તારમાંથી લોકો નોકરી કે ધંધા રોજગાર માટે ભાડેથી મકાન રાખીને રહે છે. જોકે ઝુંબેશ શરૂ થયા અગાઉ ગણ્યા ગાંઠ્યા જ લોકો ભાડુઆત નોંધણી માટે જાગૃતિ ધરાવતા હતા. માત્ર સામાન્ય લખાણ કે મોં બોલી માન્ય રાખી વિશ્વાસપૂર્વક મિલકત ભાડેથી રહેણાંક હેતુસર મેળવતા હતા. આવી પધ્ધતિથી મકાન માલિક કે ભાડુઆત માટે સરળતા રહેતી હતી. પરંતુ સરકારે ભાડુઆત મામલે કડકપણે નિયમોનુ અમલીકરણ કરતાં સમગ્ર જિલ્લામાં ભાડુઆત નોંધણીની કાર્યવાહીની કામગીરીનો ધમધમાટ છેલ્લા કેટલાક દિવસોથી શરૂ થયો છે.

સરકારની ઝુંબેશ હેઠળ તપાસ કાર્યવાહી દરમિયાન આણંદ જિલ્લામાં નોંધપાત્ર સંખ્યામાં બિન અધિકૃત રીતે વસવાટ કરતા ઈસમો વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તો બીજી તરફ મકાન માલિક અને ભાડુઆત બન્ને નોંધણી કરાવવાની કામગીરી માટે જરૂરી પુરાવાઓ સાથે નોટરી એડવોકેટ, ઓનલાઈન સર્વિસ સેન્ટર અને સંબંધિત પોલીસ મથક સુધી પહોંચી રહ્યા છે. ભાડુઆત નોંધણી અધિનિયમના અમલીકરણ માટે કડકપણે કાર્યવાહી થતાં છેલ્લા કેટલાક દિવસોથી નોટરી કાર્યવાહી, સ્ટેમ્પ વેચાણ અને ઓનલાઈન સર્વિસ સેન્ટરો માટે આવકનો સ્ત્રોત વધી ગયો છે. આ સ્થિતિમાં કેટલાક ભાડુઆતો ધોળા દિવસે લૂંટાઇ રહ્યાં છે.

#### નોટરી એડવોકેટની ઓફિસ પર તડાકો

ભાડે આપેલી મિલકત સંદર્ભે સરકાર દ્વારા ખાસ ચકાસણી શરૂ કરવામાં આવી છે. જેના પગલે આણંદ જિલ્લામાં બિન અધિકૃત રીતે વસવાટ કરતા ભાડુઆત માટે નોંધણી કરાવવી ફરજિયાત બની જવા પામી છે. જેથી છેલ્લા કેટલાક દિવસોથી નિયત કરેલ રકમના સ્ટેમ્પ પેપર સાથે ભાડા કરાર માટે સમગ્ર જિલ્લામાં નોટરી એડવોકેટની ઓફિસ પર લોકોનો જબરજસ્ત ઘસારો જોવા મળી રહ્યો છે. સામાન્ય સંજોગોમાં નોટરી પ્રક્રિયા માત્ર 300 કે 400 ખર્ચ થતો હોય છે. પરંતુ ભાડા કરાર માટે માત્ર સ્ટેમ્પ પેપર જ 300 નો માન્ય કરાયો છે. જેથી નિયત રકમના સ્ટેમ્પ પેપર ઉપરાંત અન્ય ખર્ચ અંદાજે બારસોથી પંદરસો જેટલો થવા પામે છે. જેથી ભાડુઆત ચકાસણી શરૂ થતાં નોટરી કામગીરી વધતાં નાણાંકીય આવક વધવા લાગી છે.

#### ઓનલાઇન કામગીરી દરમિયાન સર્વર પ્રોબ્લેમ

ભાડા કરાર કર્યા બાદ સરકારના સીટીઝન પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવવી જરૂરી છે. જેથી ભાડુઆત અને મકાન માલિક અંગે સંબંધિત વિભાગ પાસે પર્યાપ્ત માહિતી ઉપલબ્ધ થાય છે. છેલ્લા કેટલાક દિવસોથી સીટીઝન પોર્ટલ પર ભાડુઆત નોંધણી માટે લોકોનો ઘસારો વધી રહ્યો છે. ઓનલાઇન નોંધણી માટે કામગીરી કરતા બોરસદના એક ઓનલાઇન સર્વિસ સેન્ટરના સંચાલકના જણાવ્યા મુજબ સીટીઝન પોર્ટલ ઓનલાઇન નોંધણી માટે ઘસારો વધ્યો છે. પરંતુ દિવસમાં ઘણીવાર સર્વર પ્રોબ્લેમ થાય છે. જેથી ભાડુઆત નોંધણી માટે ઘણો બધો સમય લાગે છે.

---

### આણંદના બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં રોશનીનો ઝળહળાટ



આણંદ શહેરના બીએપીએસ સ્વામીનારાયણ મંદિરે દિવાળી - નૂતન વર્ષના સ્નેહ મિલન અને ભવ્ય અન્નકૂટ ઉત્સવ પર્વ અનુસંધાને હાલ સમગ્ર મંદિર પરિસરમાં લાઈટોની રોશનીનો ઝળહળાટ જોવા મળી રહ્યો છે. સૌ સંતો, હરિભક્તોની સેવા સમર્પણથી ભવ્ય અન્નકૂટ ઉત્સવની તૈયારીઓ પૂર્ણતાના આરે છે. આ પ્રસંગે 31મીએ સાંજે 5થી 8, અક્ષર ફાર્મમાં ચોપડા પૂજન - લક્ષ્મી પૂજા સંપન્ન થશે. 2જી નવેમ્બર આણંદ મંદિરે સવારે 5.46 વાગ્યે સ્નેહ મિલન, ભવ્ય અન્નકૂટ આરતી 11 વાગ્યે થશે. સાંજના 7 સુધી દર એક કલાકે આરતીનો લાભ પ્રાપ્ત થશે. - **તસવીર : ફ્રાન્સીસ મેકવાન**

---

# આંકલાવમાં 3 સવાર બાઈક સ્લીપ થતાં બેના કરુણ મોત

**આસરમાના ત્રણ મિત્રો** દિવાળીના કપડાં લેવા બાઇક પર આસોદર જવા નિકળ્યાં હતાં

(પ્રતિનિધિ) આંકલાવ તા.27

આંકલાવના ઉમેટા રોડ પર પુરપાટ ઝડપે જતી બાઈક હઠીપુરા પાસે અચાનક સ્લીપ થઈ ગઈ હતી. જેના તેના પર સવાર ત્રણ યુવા મિત્રોને ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં બેના મોત નિપજ્યાં હતાં. આ ત્રણેય મિત્ર આસરમાના ત્રણ મિત્ર આસોદર કપડા લેવા જતાં અકસ્માત થયો હતો. આ અંગે આંકલાવ પોલીસે બાઈક ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

આંકલાવના આસરમા ગામમાં રહેતો રાજુ કનુભાઈ સોલંકી (ઉ.વ.24) છુટક મજુરી કામ કરે છે. રાજુ 26મી ઓક્ટોબરના રોજ સાંજના પાંચેક વાગે આસરમા ખાતે મજુરી કામ પતાવી ઘરે જવા નિકળ્યો હતો. તે વખતે તેનો મિત્ર અલ્પેશ ગણપતભાઈ વાઘેલા તથા કમલેશ અર્જુનભાઈ ચૌહાણ બન્ને બાઈક લઈને આવ્યાં હતાં. બાદમાં રાજુ, અલ્પેશ અને કમલેશ બાઈક પર આસોદર કપડાં લેવા માટે નિકળ્યાં હતાં. આ સમયે અલ્પેશ બાઈક ચલાવતો હતો. આ ત્રણેય મિત્ર આંકલાવ વીરકુવા ચોકડી થઈ હઠીપુરા ગામ પસાર કરી જતાં રહ્યાં હતાં. આ દરમિયાન અલ્પેશ બાઈક પુરઝડપે અને બેફિકરાઈથી હંકારતો હતો. દરમિયાનમાં હઠીપુરા હનુમાનજી મંદિરથી આગળ જતાં અલ્પેશભાઈએ બાઈક પરનો કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે બાઈક સ્લીપ થઈ જતાં ત્રણેય મિત્ર રસ્તા પર જ પટકાયાં હતાં. જેમાં અલ્પેશ અને કમલેશને માથામાં ગંભીર ઈજા પહોંચતાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે રાજુને ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક 108માં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે આંકલાવ પોલીસે અલ્પેશ ગણપતભાઈ વાઘેલા સામે પુરઝડપે અને ગફલતભરી રીતે બાઈક હંકારી સ્લીપ ખવડાવી મોત નિપજાવવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દિવાળીના તહેવાર ટાણે જ બે ભરયુવાનના મોતથી ગામમાં પણ શોકનો માહોલ છવાઈ ગયો હતો.

---

### પેટલાદના પોરડા ગામના યુવાનોને અકસ્માત

# નરસંડામાં બોલેરો ટક્કરે બાઈક ચાલકનું મોત

**દિવાળીની ખરીદી** કરી રાત્રે ઘરે જતા સર્જાયેલો અકસ્માત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.27

નરસંડા વડતાલ રોડ ઉપર પુરોહિત કેટરર્સ નજીક બોલેરો પીકપ મોટરસાયકલ સાથે અથડાતા બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

પેટલાદ તાલુકાના પોરડામાં રહેતા અતુલભાઈ લક્ષ્મણભાઈ સોલંકી અને વિજયભાઈ જશભાઈ પરમાર મોટર સાયકલ લઈને નડિયાદ બજારમાં દિવાળીની ખરીદી કરવા ગયા હતા. નડીયાદ થી ખરીદી કરી તા.૨૫ ની રાત્રે મોટરસાયકલ પર પરત ઘરે જતા હતા આ દરમિયાન નરસંડાથી વડતાલ તરફ જઈ રહ્યા હતા ત્યારે પુરોહિત કેટરસ સામે વડતાલ તરફથી આવતી પીકપ બોલેરો ગાડી મોટરસાયકલ સાથે અથડાતા બાઈક સવાર બંને રોડ ઉપર પડી ગયા હતા. જેથી બાઈક ચાલક અતુલભાઈ સોલંકીને માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થતાં 108 એમ્બ્યુલન્સમાં નડિયાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં અતુલભાઈ સોલંકીનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે વિજયભાઈ જશભાઈ પરમારની ફરિયાદ આધારે વડતાલ પોલીસે બોલેરો ગાડીના ચાલક સામે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

---

# નડિયાદના જ્વેલર્સમાં ગ્રાહકના સ્વાંગમાં 3 મહિલાએ ચોરી કરી

**3 અજાણી મહિલાએ** દુકાનદારની નજર ચૂકવી દાગીના સેરવી લઇ ફરાર થયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.27

નડિયાદ શહેરના પેટલાદ રોડ ઉપર આવેલ જ્વેલર્સની દુકાનમાં ગ્રાહકના સંવાગમાં આવેલી ત્રણ મહિલાઓ દુકાનદારની નજર ચૂકવી સોના ચાંદીના દાગીના રૂ. અડધા લાખની મતા ચોરી ગયા હતા.

નડિયાદ શહેરના પેટલાદ રોડ ઉપર નિર્મલ માણેકલાલ સોનીના કાકા દિનેશભાઈની નાગ્લેશ્વરી જ્વેલર્સના નામની દુકાન આવેલ છે. આ દુકાનમાં 25મી ઓક્ટોબરની સાંજે ત્રણ મહિલા સોના ચાંદીના દાગીના ખરીદવાના બહાને આવી હતી. આ મહિલાઓએ ચાંદીના છડા તેમજ સોનાના દાગીના જુદી જુદી ડિઝાઈનના જોવા કઢાવ્યાં હતા. આ દરમિયાન દુકાનદારની નજર ચૂકવી ચાંદીના છડા નંગ 5 કિંમત રૂપિયા 45 હજારના તથા સોનાની ચુંની 3 કિંમત રૂ.4500મળી કુલ રૂ.49,500ની મતા સેરવી લીધી હતી. બાદમાં ચાંદીના છડા લઈ ઉતાવળ કરી બિલ વગર તેના રૂ.1500 ચૂકવી દુકાનમાંથી નીકળી ગઈ હતી. જેથી દુકાનદારને ચાંદીના છડા ઓછા હોવાની જાણ થતા દુકાનમાંથી નીકળી મહિલાઓને ઉભી રહેવા બૂમાબૂમ કરતા ગ્રાહકના સવાંગમાં આવેલ ત્રણેય મહિલાઓ ગાડીમાં બેસી નાસી ગઈ હતી. આ બનાવ સંદર્ભે નિર્મલ માણેકલાલ સોનીની ફરિયાદ આધારે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધ્યો હતો.

#### તલાટીના ઘરમાંથી 1.61 લાખની મત્તા ચોરાઇ

ચિરાગભાઈ મનુભાઈ પરમાર તલાટી તરીકે જ્યારે તેમની પત્ની ભાવીનીબેન મુખ્ય સેવિકા તરીકે ફરજ બજાવે છે.તેઓ નડિયાદ મિશન રોડ પર આવેલ જિલ્લા પંચાયતના સ્ટાફ ક્વાર્ટસમાં રહે છે. ભાવિનીબેન ગાંધીનગર તાલીમમાં ગયા હતા. આ દરમિયાન કોઈ તસ્કરો બંધ મકાનના દરવાજાનું તાળું ખોલી અંદર પ્રવેશી તિજોરીનું લોકર ખોલી તેમાં મૂકેલ સોના ચાંદીના દાગીના કિંમત રૂ.૧,૬૧,૧૦૬ ની મતા ચોરી ગયા હતા. આ બનાવ અંગે ચિરાગભાઈ મનુભાઈ પરમાર ની ફરિયાદ આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

---

# કપડવંજના પશુપાલક વર્ષે 25 લાખનું દૂધ - ઘી વેચે છે

**નિરમાલીના** પશુપાલકને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પશુપાલકનો એવોર્ડ એનાયત કરાયો

(પ્રતિનિધિ) કપડવંજ તા.27

કપડવંજના નિરમાલી ગામમાં રહેતા પશુપાલકે વર્ષ દરમિયાન 25 લાખના દૂધ - ઘીનું વેચાણ કર્યું હતું. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતી આધારિત પશુપાલન કરતાં તેમને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પશુપાલક તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ખેતી અને પશુપાલન છોડી શહેર તરફ દોટ લગાવતા લોકો માટે તેઓ પ્રેરણારૂપ છે.

કપડવંજ તાલુકાના નિરમાલી ગામના પ્રાકૃતિક ખેતી આધારિત આગવી કોઠાસૂજથી પશુપાલન કરતા પ્રવીણભાઈ કોદરભાઈ પટેલને ઘનિષ્ટ પશુપાલન સુધારણા અંતર્ગત જિલ્લા કક્ષાએ પ્રથમ એવોર્ડ ભુજ મૂકામે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે એનાયત થયો હતો. આ સિદ્ધિ બદલ તેઓને વીસ હજારની રોકડ રકમ અને



પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યુ હતું.

નિરમાલીના પ્રવીણભાઈ વર્ષ 2012થી પ્રાકૃતિક ખેતી આધારિત પશુપાલન કરી રહ્યા છે. હાલમાં તેઓના દેશી ફાર્મહાઉસમાં 12 ગીર ગાયો,10 વાછરડીયો, અને 08 ભેસ છે.ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી તેઓ દૂધ, ઘી, ગોમૂત્ર, ફિનાઈલ અને કેન્સરની દવા જાતે બનાવે છે. આ અંગે પ્રવીણભાઈએ જણાવ્યુ હતુ કે, આ સ્વતંત્ર વ્યવસાયથી તેઓ વાર્ષિક 18થી 20 લાખ રૂપિયાના દૂધનું વેચાણ કરી આવક મેળવે છે. આ ઉપરાંત ચાર લાખ રૂપિયાનુ ઘી, પાંચથી છ હજારનુ ફિનાઈલ, બેથી ત્રણ હજારની કેન્સરની દવા, અને 35 ડબા ઓર્ગેનિક સિગતેલનુ વેચાણ થાય છે.

પ્રવીણભાઈના આ વ્યવસાયમાં પરિવારના સભ્યોમાં પત્ની મણીબેન, પુત્ર ઈન્દ્રવદન અને પુત્રવધૂ રીનાબેન જોડાયેલા છે. તેઓએ જણાવ્યુ કે, નિરોગી અને સ્વસ્થ જીવન જીવવા માટે પ્રાકૃતિક ખેતી આજની તાતી જરૂરિયાત છે. ખેતી અને પશુપાલનના વ્યવસાય છોડી શહેર તરફ દોટ લગાવતા લોકો માટે પ્રવીણભાઈ પ્રેરણારૂપ છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225